UGVCL

# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૬૪, ઓક્ટોબર - નવેમ્બર ૨૦૨૧



## પાલનપુર ખાતે 'વીજ-સલામતી' - એક સંદેશ (કર્મચારીઓ માટે)ની દસ્તાવેજી ફિલ્મનું વિમોચન



મા. ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ તથા મા. રાજ્યકક્ષાના ઊર્જામંત્રી શ્રી મુકેશભાઈ પટેલ સાથે પરામર્શ બેઠક




ઈડીઆઈ કેમ્પસ, અમદાવાદ ખાતે વીજ-સલામતી અંગેના કાર્યક્રમનું સાબરમતી સર્કલ દ્વારા આયોજન



નવરાત્રીના રંગમાં રંગાયો ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પરિવાર

## આ અંકમાં

**અંક-૬૪**
**ઓક્ટોબર - નવેમ્બર ૨૦૨૧**

**સંરક્ષક**
શ્રી કે. એસ. રંધાવા, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, ઈન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**સંકલન સહાયક**
શ્રી એમ. એચ. પઠાણ, જુનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ)

**સંપાદક મંડળ**
શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (ઓપરેશન)
શ્રી વી. એમ. શ્રોફ, મુખ્ય ઈજનેર (પી.)
શ્રી રાજેન્દ્ર જૈન, ઈન્ચાર્જ જનરલ મેનેજર (ફાઈનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એલ. એ. ગઢવી, વિશેષ મુખ્ય ઈજનેર, પાલનપુર
શ્રી આર. ડી. ઝાલા, વિશેષ મુખ્ય ઈજનેર, સાબરમતી
શ્રી સી. જે. રાજપાલ, અધિક્ષક ઈજનેર, મહેસાણા
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઈજનેર, હિંમતનગર
શ્રી જે. આર. ચૌધરી, અધિક્ષક ઈજનેર (ટેક.)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ,
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧. www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**પ્રિય વાચકમિત્રો,**
**'આપણું યુજીવીસીએલ'** આપનું પોતાનું સામયિક છે. એમાં જેમ કંપનીને સંબંધિત વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવે છે તેમ આપણા પરિવારના સભ્યોની વિવિધ ક્ષેત્રે પ્રગતિની પણ તેમાં અચૂક નોંધ લેવામાં આવે છે. એટલું જ નહીં, આપણા પરિવારના સભ્યોની વિલક્ષણ પ્રતિભાને બહાર લાવવા માટે, એક સરસ મંચ તરીકે પણ સામયિકને ઉપયોગ કરવાનું અમારું ધ્યેય છે. આપણા જીવનમાં નવી સુગંધ આવે કે વાચકને કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ માટે પ્રેરણા આપે તેવી કોઈ પણ પ્રકારની કૃતિઓને પણ આ સામાયિકમાં ચોક્કસ સ્થાન આપવામાં આવશે. આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેના ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.
cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com

# આ અંકનાં આકર્ષણો...

**વિમોચન**
- પાલનપુર ખાતે 'વીજ-સલામતી' - એક સંદેશ (કર્મચારીઓ માટે)ની દસ્તાવેજી ફિલ્મનું વિમોચન 04

**સંક્ષિપ્ત સમાચાર**
- ઈડીઆઈ કેમ્પસ, અમદાવાદ ખાતે વીજ-સલામતી અંગેના કાર્યક્રમનું સાબરમતી સર્કલ દ્વારા આયોજન 05
- ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ તથા રાજ્યકક્ષાના ઊર્જા મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ સાથે પરામર્શ બેઠક 06
- વિજાપુર ખાતે વીજસલામતી અંગે પરિસંવાદ 07
- સાબરમતી વર્તુળ કચેરી દ્વારા વીજચોરી અટકાવવા જનજાગૃતિ કેળવવા નાટકનું આયોજન 07
- નવરાત્રીના રંગમાં રંગાયો યુજીવીસીએલ પરિવાર 08
  - મહેસાણા ખાતે મનજાગૃત મહિલામંડળ દ્વારા ગરબાનું આયોજન 08
  - સાબરમતી ખાતે વર્કિંગ વીમેન એસોસિએશન દ્વારા ગરબાનું આયોજન 08
- મહેસાણા વર્તુળ કચેરી ખાતે ટ્રાન્સફોર્મર ટેસ્ટીંગ અંગેની તાલીમ 09
- આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત કોરોના રસીકરણનો કાર્યક્રમ 09

**સ્નેહ-મિલન**
- કોર્પોરેટ ઓફિસ ખાતે સ્નેહ-મિલન સમારંભનું આયોજન 10

**પ્રતિભાવ**

**તેજસ્વી તારલા**
- યુજીવીસીએલ પરિવારના તેજસ્વી તારલા 12

**વિદાય**
- નિવૃત્ત થતા અધિકારી/કર્મચારીઓને શુભેચ્છા... 13

**વાર્તા**
- જીતુ-સૌનો લાડકવાયો 14

**સંક્ષિપ્ત સમાચાર**
- આઝાદીના અમૃત મહોત્સવ ૨૦૨૧ અન્વયે નવિન વીજજોડાણ આપવા અંગે નોંધપાત્ર સિદ્ધિ 15



**આપણે આવશ્યક સેવા સાથે સંકળાયેલા છીએ, એથી આપણે હરહંમેશ આપણા ગ્રાહકોને *"સર્વોત્તમ સેવા થકી સંતોષ"* આપવા પ્રતિબદ્ધ રહેવું જોઈએ. એ માટે આપણા ગ્રાહકને ઝડપી સેવાઓ આપીએ, હસતો ચહેરો રાખીએ, શાંત અને સ્વસ્થ ચિત્તે ગ્રાહકને સાંભળીએ અને ગ્રાહકને સાચી હકીકતથી વાકેફ કરી સંતોષ આપવાનો પ્રયાસ કરીએ.**



**"આપણા બારણે આવેલો ગ્રાહક આપણો અણમોલ મુલાકાતી ગણાય"**
**- મહાત્મા ગાંધી**

**પ્રિય કર્મચારી મિત્રો**

વિક્રમ સંવત ૨૦૭૮નું વર્ષ નવી ઊર્જા, નવા સંકલ્પો સાથે આપ સર્વેના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ લાવે અને પરિવાર સૌ સ્વજનો સાથે આપ આરોગ્યપ્રદ જીવનનો આનંદ માણતા રહો તેવી પ્રાર્થના સાથે હૃદયપૂર્વક નૂતન વર્ષાભિનંદન પાઠવું છું.

એ સાથે નવી આશાઓ અને નવા ઉત્સાહ સાથે આપ આપના જીવનમાં સતત સફળતાનાં શિખરો સર કરી વિકાસના પંથે પ્રયાણ કરો તેવી હાર્દિક શુભેચ્છા.

મિત્રો, આપણે આવશ્યક સેવા સાથે સંકળાયેલા છીએ, એથી આપણે હરહંમેશ આપણા ગ્રાહકોને *"સર્વોત્તમ સેવા થકી સંતોષ"* આપવા પ્રતિબદ્ધ રહેવું જોઈએ. એ માટે આપણા ગ્રાહકને ઝડપી સેવાઓ આપીએ, હસતો ચહેરો રાખીએ, શાંત અને સ્વસ્થ ચિત્તે ગ્રાહકને સાંભળીએ અને ગ્રાહકને સાચી હકીકતથી વાકેફ કરી સંતોષ આપવાનો પ્રયાસ કરીએ. ગ્રાહકો આપણા મોંઘેરા મહેમાન છે, તેની સાથે મહેમાનની જેમ વર્તી તેમની ફરિયાદો ખૂબ ધ્યાનથી સાંભળી નિરાકરણ લાવીએ એ આપણું કર્તવ્ય છે.

આપણે ગમે તેટલું સારું કામ કરીએ પરંતુ ગ્રાહકને સંતોષ આપીશું, ત્યારે જ તે યથાર્થ સાબિત થશે. એ જ હેતુથી હું દરેક કર્મચારીને નવા વર્ષમાં શ્રેષ્ઠતમ કાર્યપ્રદાનનો શુભ સંકલ્પ લઈને અમલ કરવા અનુરોધ કરું છું.

આપ જાણો છો તેમ આપણે દર વર્ષે ૧૪થી ૨૧ ડિસેમ્બર દરમ્યાન *"વીજ બચત સપ્તાહ"* ની ઉજવણી કરીએ છીએ. આ સપ્તાહ દરમ્યાન વીજ બચત અંગે જાગૃતિ કેળવવાના સંનિષ્ઠ પ્રયત્નો કરીશું તેવી અપેક્ષા રાખું છું.


કંપનીના નાનામાં નાના કર્મચારીઓથી લઈને ઉચ્ચ અધિકારીઓ સુધી, આપણે સૌ પોતાનામાં રહેલી ક્ષમતાનો ઉપયોગ કરીશું, તો ભારતની અગ્રગણ્ય વીજ-વિતરણ કંપની તરીકેનું સન્માનનીય સ્થાન આપણે ગૌરવભેર જાળવી રાખીશું. સફળ કામગીરી સાથે સતત કાર્યરત રહીને આગળ વધતા રહીશું, તેવી અભ્યર્થના સાથે પ્રકાશના પર્વ દિવાળીની ફરી વાર શુભેચ્છાઓ અને નૂતન વર્ષાભિનંદન...!

**કે. એસ. રંધાવા,** આઈએફએસ,
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# પાલનપુર ખાતે 'વીજ-સલામતી' - એક સંદેશ (કર્મચારીઓ માટે)ની દસ્તાવેજી ફિલ્મનું વિમોચન

તા. ૨૪-૦૯-૨૦૨૧ના રોજ પાલનપુર ખાતે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી કે.એસ. રંધાવાના વરદ્ હસ્તે મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.) શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર પાલનપુર, શ્રી એલ.એ. ગઢવી તેમજ કાર્યવાહક મહાપ્રબંધક (નાણા), શ્રી રાજેન્દ્ર જૈનની ઉપસ્થિતિમાં વીજ-સલામતી એક સંદેશ (કર્મચારીઓ માટે)ની દસ્તાવેજી ફિલ્મનું વિમોચન પાલનપુર કચેરીના ટેકનીકલ તથા નોન-ટેકનીકલ કર્મચારીઓની વિશાળ સંખ્યાની હાજરીમાં કરવામાં આવેલ.

૩૫ લાખથી વધુ ગ્રાહકોને વીજ-વિતરણ કરી રહેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ વિના-વિક્ષેપે પોતાના માનવંતા ગ્રાહકોને વીજ-પુરવઠો પૂરો પાડી રહેલ છે. વીજ-વિતરણની કામગીરી દરમ્યાન વીજ-અકસ્માત ન થાય તે માટે કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને ખાસ કરીને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવા અતિ સંવેદનશીલ અભિગમ ધરાવે છે જેના ભાગરૂપે કંપનીના સલામતી વિભાગ દ્વારા પ્રસ્તુત અને કોર્પોરેટ કોમ્યુનિકેશન સેલ દ્વારા 'વીજ-સલામતી' - એક સંદેશ (કર્મચારીઓ માટે) ની દસ્તાવેજી ફિલ્મ તૈયાર કરવામાં આવેલ છે. જેનો ઉદ્દેશ કંપનીના તમામ ટેકનીકલ-કર્મચારીઓ જાગૃત થઈને પોતાની કામગીરી કરે તેવો રહેલ છે. કંપની દ્વારા વખતો-વખત તાલીમી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, વીજ-સલામતી અંગેની પુસ્તિકાઓ દ્વારા વીજ-અકસ્માતોનું અવલોકન અને નિરાકરણ અંગેની સમજુતી આપેલ છે. વીજ-સલામતીનો રથ ઉત્તર ગુજરાતના વિવિધ સ્થળોએ પ્રદર્શિત કરવામાં આવેલ છે. વીજ-સલામતી અંગે જાગૃતતા કેળવાય તે માટે ઉત્તર ગુજરાતના ગામડે-ગામડે હોર્ડિંગ્સ લગાવીને પ્રયત્નો કરવામાં આવેલ છે. ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન લિમિટેડની બસો ઉપર વીજ-સલામતી અંગેની જાગૃતિ માટેના સંદેશાનો પ્રચાર કરવામાં આવેલ છે. વખતો-વખત કર્મચારીઓને વીજ-સલામતી અંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા સંદેશા પાઠવવામાં આવે છે. તેમજ કર્મચારીઓને નિયમિત રીતે વીજ-સલામતીના સાધનો જેવા કે સેફટીબેલ્ટ, હેલ્મેટ, રબ્બરના મોજા, ગમબુટ, અર્થિંગ રોડ, ઓપરેટીંગ રોડ વગેરેના ઉપયોગ દ્વારા અકસ્માત રહિત કામગીરી થાય તે દિશામાં પ્રયત્નો કરવામાં આવી રહેલ છે.


વિમોચન

કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહાનુભાવોનું શ્રી એલ.એ. ગઢવી દ્વારા શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ ત્યારબાદ આપણી સાંસ્કૃતિક પરંપરા મુજબ મહાનુભાવોને બૂકેથી સન્માનિત કરવામાં આવેલ. દીપ પ્રાગટ્ય બાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. સુંદર પ્રાર્થનાગીતની પ્રસ્તુતિ બાદ કંપનીનું ગીત પ્રસ્તુત કરવામાં આવેલ. ત્યારબાદ વીજ-સલામતી એક સંદેશ (કર્મચારીઓ માટે)ની દસ્તાવેજી ફિલ્મનું વિમોચન કરીને નિદર્શન કરવામાં આવેલ. જેને ઉપસ્થિત તમામ કર્મચારીઓએ આવકારીને તાળીઓના ગડગડાટથી વધાવેલ.

પ્રસંગોચિત ઉદ્બોધનમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાએ તમામ કર્મચારીઓને સુરક્ષિત કામગીરી માટે અનુરોધ કરતા જણાવેલ કે વીજ-સલામતી અંગે જાગૃતિનો અમલ ત્યારેજ શક્ય બનશે જ્યારે આપણે અંતર-આત્માથી વીજ-અકસ્માત ન થાય તે અંગે ગંભીર બનીશું. કંપની વીજ-અકસ્માત અંગે સતત ચિંતન કરતી હોય ત્યારે તમામ કર્મચારીઓએ પોતાના પરિવારજનો અને કંપની માટે સલામત કામગીરી કરવી જોઈએ. સવારે કામ ઉપર ચઢીએ ત્યારે વીજ-સલામતીના સાધનો હંમેશા સાથે રાખવા જોઈએ, તેમજ તેનો જરૂરી ઉપયોગ પણ કરવો જોઈએ. કંપની જ્યારે દંડનીય જોગવાઈ કરે છે ત્યારે કર્મચારીઓને આર્થિક રીતે દંડવાનો કોઈ જ ઉદ્દેશ હોતો નથી પરંતુ પોતાના કર્મચારીઓની સલામતી અગ્ર સ્થાને હોય છે. કામ કરતી વખતે ઉતાવળ ન કરવી, બેધ્યાન ન રહેવું જોઈએ. ભવિષ્યની સુરક્ષિત કામગીરી માટે શુભેચ્છાઓ પાઠવેલ.

કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા અને વિશેષ મુખ્ય ઈજનેર


વિમોચન


સ્વાગત


સ્વાગત

શ્રી જે.કે. દરજી દ્વારા કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ ઉદ્‌બોધનને સમર્થન આપી કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલ વીજ-સલામતી અંગેની દસ્તાવેજી ફિલ્મમાં દર્શાવેલ સૂચનાઓનો અમલ કરી પોતાના પરિવાર અને કંપની ખુશહાલ રહે તેવી કામગીરી કરવા અપીલ કરેલ.

કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી મુકેશભાઈ હિરવાણીયા, નાયબ ઈજનેર (ટેક.), પાલનપુર વર્તુળ કચેરી દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન વિશેષ મુખ્ય ઈજનેર પાલનપુર શ્રી એલ.એ. ગઢવીના માર્ગદર્શન હેઠળ પાલનપુર વર્તુળ કચેરીના કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ. ■

# ઈડીઆઈ કેમ્પસ, અમદાવાદ ખાતે વીજ-સલામતી અંગેના કાર્યક્રમનું સાબરમતી સર્કલ દ્વારા આયોજન



દીપપ્રાગટ્ય



ઉપસ્થિત મહાનુભાવો



સ્વાગત

તા. ૦૬-૧૦-૨૦૨૧ના રોજ ઈડીઆઈ કેમ્પસ, અમદાવાદ ખાતે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી કે.એસ. રંધાવાના અધ્યક્ષપદે મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (પી.), શ્રી વી.એમ. શ્રોફ, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.), શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર સાબરમતી, શ્રી આર.ડી. ઝાલા તેમજ વિશેષ મહાપ્રબંધક (એચ.આર), શ્રી એ.સી. પ્રજાપતિ, કાર્યવાહક મહાપ્રબંધક (નાણા) શ્રી રાજેન્દ્ર જૈનની ઉપસ્થિતિમાં ઈડીઆઈ કેમ્પસ, અમદાવાદ ખાતે વીજ-સલામતી અંગેના કાર્યક્રમનું સાબરમતી સર્કલ દ્વારા આયોજન સાબરમતી કચેરીના ટેકનીકલ તથા નોન-ટેકનીકલ કર્મચારીઓની વિશાળ સંખ્યાની હાજરીમાં કરવામાં આવેલ.

તા. ૨૪-૦૯-૨૦૨૧ના રોજ પાલનપુર ખાતે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી કે.એસ. રંધાવાના વરદ્ હસ્તે મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.), શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર, પાલનપુર શ્રી એલ.એ. ગઢવી તેમજ કાર્યવાહક મહાપ્રબંધક (નાણા), શ્રી રાજેન્દ્ર જૈનની ઉપસ્થિતિમાં 'વીજ-સલામતી' - એક સંદેશ (કર્મચારીઓ માટે)ની દસ્તાવેજી ફિલ્મનું વિમોચન પાલનપુર કચેરીના ટેકનીકલ તથા નોન-ટેકનીકલ કર્મચારીઓની વિશાળ સંખ્યાની હાજરીમાં કરવામાં આવેલ જેનું નિદર્શન કરવાનો મુખ્ય કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહાનુભાવોનું શ્રી આર.ડી. ઝાલા, વિશેષ મુખ્ય ઇજનેર દ્વારા શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ ત્યાર બાદ આપણી સાંસ્કૃતિક પરંપરા મુજબ મહાનુભાવોને બૂકેથી સન્માનિત કરવામાં આવેલ. દીપ પ્રાગટ્ય બાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં કંપનીનું ગીત પ્રસ્તુત કરવામાં આવેલ.

વિશેષ મહાપ્રબંધક (એચ.આર) શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.) શ્રી જે.કે. દરજી, મુખ્ય ઈજનેર (પી.) શ્રી વી.એમ. શ્રોફ, મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા દ્વારા વીજ-સલામતી અંગે પોતાના વિચારો મુક્ત મને વિસ્તારથી રજૂ કરીને કર્મચારીઓને સલામત



**આ જે મારા ઘરવાળાએ મારી વાત માની હોત અને સલામતીના સાધનો વાપર્યા હોત તો આવનાર બાળક એના પિતાજીનું મોઢું જોઈ શક્યું હોત....**

ગાંધીનગર ઈડીઆઈ કેમ્પસ, ભાટ ખાતે સાબરમતી સર્કલ દ્વારા વીજ અકસ્માત અંગેની જાગૃતતા વિષય અંતર્ગત સી.ડી. નું વિમોચન કરવામાં આવેલ તેમજ તમામ લાઇન સ્ટાફને બતાડવામાં આવેલ જેના અવલોકન બાદ તેમજ તે અંગેની સભાનતા અંગે માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીના સંબોધન બાદ આ અંગેની જાગૃતતા માટે મને બે શબ્દ કહેવા માટે જણાવતા સદર બાબતને નાટકીય અભિગમ દ્વારા લાઇન સ્ટાફના માનસ ઉપર કંડારાય તે હેતુથી અભિનય દ્વારા વીજ અકસ્માતથી થતી ગંભીર અસરોને વર્ણવેલ એટલે કે તેની માનસિક અને ઈમોશનલ અસરો અંગે રજૂઆત કરેલ જે દરેક લાઇન સ્ટાફને સરળતાથી માનસ પર છવાઈ જાય તે ઉદ્દેશથી રજૂઆત કરેલ.

– **શ્રી આર.કે. મિસ્ત્રી,** લાઇનમેન, કુડાસણ, પે.વી.કે.


ઉદ્બોધન


ઉદ્બોધન


ઉદ્બોધન


ઉદ્બોધન


ઉદ્બોધન

કામગીરી કરવા માટે આહ્વાન આપેલ.

પ્રાસંગિક ઉદ્બોધનમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી કે.એસ. રંધાવાએ તમામ કર્મચારીઓને સુરક્ષિત કામગીરી માટે આહ્વાન કરતા જણાવેલ કે, વીજ-સલામતી અંગે જાગૃતિનો અમલ ત્યારે જ શક્ય બનશે જ્યારે આપણે સ્વેચ્છાએ વીજ-અકસ્માત ન થાય તે અંગે ગંભીર બનીશું. કંપની વીજ-અકસ્માત અંગે સતત ચિંતા કરતી હોય ત્યારે તમામ કર્મચારીઓએ પોતાના પરિવારજનો અને કંપનીના હિત માટે સુરક્ષિત કામગીરી કરવી જોઈએ. સવારે કામ ઉપર ચઢીએ ત્યારે વીજ-સલામતીના સાધનો હંમેશા સાથે



રાખવા જોઈએ તેમજ તેનો જરૂરી ઉપયોગ પણ કરવો જોઈએ. કંપની જ્યારે દંડનીય જોગવાઈ કરે છે ત્યારે કર્મચારીઓને આર્થિક રીતે દંડ્વાનો કોઈજ ઉદ્દેશ હોતો નથી પરંતુ પોતાના કર્મચારીઓની સલામતી અગ્રસ્થાને હોય છે. કામ કરતી વખતે ઉતાવળ ન કરવી, બેધ્યાન ન રહેવું જોઈએ.

કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી નિરવભાઈ


સ્વાગત

દવે, અધિક્ષક (મહેસુલ), સાબરમતી વર્તુળ કચેરી દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન વિશેષ મુખ્ય ઈજનેર સાબરમતી, શ્રી આર.ડી. ઝાલાના માર્ગદર્શન હેઠળ સાબરમતી વર્તુળ કચેરીના કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ. ■

# ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ તથા રાજ્યકક્ષાના ઊર્જા મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ સાથે પરામર્શ બેઠક

તા. ૦૪.૧૦.૨૦૨૧ના રોજ સ્વર્ણિમ સંકુલ ખાતે આવેલ માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના કાર્યાલય ખાતે ઊર્જા રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યુજીવીસીએલનું ઉચ્ચ અધિકારીઓનું પ્રતિનિધિ મંડળ જેમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવા, મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.) શ્રી જે.કે. દરજી, શ્રી વાય.એ. પરમાર, અધિક્ષક ઇજનેર



(આઈટી) ઉપસ્થિત રહેલ. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા કરવામાં આવી રહેલ કામગીરી અંગેની સંપૂર્ણ માહિતી પ્રેઝન્ટેશન દ્વારા માનનીય મંત્રીશ્રીઓને દર્શાવવામાં



આવેલ. માનનીય મંત્રીશ્રીઓ દ્વારા માહિતી મેળવીને કેટલાક માર્ગદર્શક અને રચનાત્મક સૂચનો કરેલ. હકારાત્મક વાતાવરણ વચ્ચે સદર પરામર્શ બેઠક સંપન્ન થયેલ. ■

# યુજીવીસીએલ પરિવારનું ગૌરવ

કુમારી વિધિ સુપુત્રી શ્રીમતી દીપ્તિબેન ભૈરવિયા, જુનિયર પ્રોગ્રામર, એનર્જી મેનેજમેન્ટ સેન્ટર, ગાંધીનગર દ્વારા એમ.એસ.ડબલ્યુ ના શૈક્ષણિક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરતાં તેઓને નાલંદા ઈન્ટરનેશનલ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવેલ છે. યુજીવીસીએલ પરિવાર ગર્વ સાથે ગૌરવની લાગણી અનુભવે છે. શૈક્ષણિક કારકિર્દી દરમ્યાન વધુ ઉજ્જવળ અભ્યાસ દ્વારા સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા પાઠવે છે. ■



# વિજાપુર ખાતે વીજસલામતી અંગે પરિસંવાદ






તારીખ ૨૨/૧૦/૨૦૨૧ના રોજ બંસીધર હોટલ, વિજાપુર ખાતે મહેસાણા વર્તુળ કચેરી દ્વારા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી કે.એસ. રંધાવાના અધ્યક્ષ પદે વીજ સલામતી અંગે પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર, શ્રી પી.બી. પંડ્યા, કાર્યવાહક મહાપ્રબંધક (નાણા), શ્રી રાજેન્દ્ર જૈન, વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી જે.કે. દરજી, શ્રી જી.એચ. એન્જિનિયર, વિશેષ મહાપ્રબંધક (મા.સં.), શ્રી એ.સી. પ્રજાપતિ, અધિક્ષક ઈજનેર, શ્રી સી.જે. રાજપાલ તેમજ ઉચ્ચ અધિકારીઓ અને ટેકનીકલ કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ. કોર્પોરેટ ઓફિસના કોર્પોરેટ કોમ્યુનિકેશન




સેલ દ્વારા સલામતી વિભાગ સાથે સંકલનમાં રહીને તૈયાર કરવામાં આવેલ દસ્તાવેજી ફિલ્મ 'વીજ સલામતી' -એક સંદેશ (કર્મચારીઓ માટે) રજૂ કરવામાં આવેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી કે.એસ. રંધાવા અને મુખ્ય ઈજનેર, શ્રી પી.બી. પંડ્યા દ્વારા કર્મચારીઓને વીજ સલામતી અંગે ગંભીરતા રાખી કામગીરી કરવા અનુરોધ કરવામાં આવેલ. ■

---

# સાબરમતી વર્તુળ કચેરી દ્વારા વીજચોરી અટકાવવા જનજાગૃતિ કેળવવા નાટકનું આયોજન

વીજચોરી અટકાવવા ગ્રામજનોને જાગૃત કરવા માટે તા. 26/10/2021ના રોજ સાબરમતી વર્તુળ કચેરીના કર્મચારી કલાકારો દ્વારા એક નાટક વિરમગામ ખાતે, વાસવા ગામે પ્રસ્તુત કરવામાં આવેલ. જેનું લેખન-દિગ્દર્શન શ્રી કમલેશ સીસોદીયા, નાયબ અધિક્ષક, વર્તુળ કચેરી, સાબરમતી અને શ્રી ધારેશ શુક્લ, જુનિયર આસિસ્ટન્ટ, બોપલ, વિભાગીય કચેરી દ્વારા કરવામાં આવેલ.

કાર્યક્રમમાં વર્તુળ કચેરીના વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી આર.ડી. ઝાલા, શ્રી જે.કે. શાહ, કાર્યપાલક ઈજનેર, સાબરમતી વિભાગીય કચેરી, શ્રીમતી આશાબેન ખાલપાડા, કાર્યપાલક ઈજનેર, સાબરમતી વર્તુળ કચેરીની પ્રેરણાદાયી ઉપસ્થિતીએ કલાકારોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

વર્તુળ કચેરીના નાયબ ઈજનેર, શ્રી સેજલબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.




વિરમગામ સબ ડિવિઝનના નાયબ ઈજનેર શ્રી એમ.બી. પટેલ અને તેમની ટીમ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન વિરમગામના વાસવા ગામે કરવામાં આવેલ.

નાટકમાં શ્રી મેહુલ લામા, જુનિયર આસિસ્ટન્ટ, વિંઝોલ, સબ ડિવિઝન, શ્રી ઉત્તમ ભટ્ટ, મીટર ટેસ્ટર, સાબરમતી લેબ., શ્રી દર્શીતા પરમાર, જુનિયર આસિસ્ટન્ટ, કલોલ ડિવિઝન, શ્રી રાજુભાઇ મિસ્ત્રી, લાઇનમેન, કુડાસણ, સબડિવિઝન, શ્રી કમલેશ સીસોદીયા, શ્રી ધારેશ શુક્લએ અભિનયના ઓજસ પાથર્યા હતા.

કલાકારો દ્વારા ગ્રામજનોને વીજચોરી અટકાવવા પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવેલ અને સરપંચ/ઉપસરપંચે વીજચોરી અટકાવવાની ખાતરી પણ આપી હતી. સૌ ગ્રાહકો વીજચોરી થતી અટકાવી દેશના હિતમાં ભાગીદાર બનશો તેવી આશા રાખવામાં આવેલ.

*"વીજચોરી છે એવો રોગ*
*વિકાસનો એ લેશે ભોગ"*
*"વીજચોરી જે કરશે*
*જેલના સળિયા ગણશે"*
*"વીજચોરી અટકાવીએ દેશને બચાવીએ"*
*"વીજચોરી રોકો*
*ઉજ્જવળ ભવિષ્યના બી રોપો."* ■

# નવરાત્રીના રંગમાં રંગાયો યુજીવીસીએલ પરિવાર

## મહેસાણા ખાતે મનજાગૃત મહિલામંડળ દ્વારા ગરબાનું આયોજન






તારીખ ૦૮.૧૦.૨૦૨૧ના રોજ રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફીસના પટાંગણમાં આવેલ ઊર્જા રિક્રિએશન ક્લબ ખાતે મનજાગૃત મહિલા મંડળ દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવેલ જેમાં યુજીવીસીએલ પરિવારની બહેનોએ તેમજ જેટકોના મહિલા કર્મચારીઓએ તેમજ કોલોનીની બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈને ઉમંગથી આદ્યશક્તિ મા અંબાની ભક્તિ કરવાનો અદમ્ય લહાવો ગરબે ઘુમીને પ્રાપ્ત કરેલ.





કાર્યક્રમની શરૂઆતમાં માતાજીની આરતી ઉતારવામાં આવેલ જેમાં કંપનીના વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.) શ્રી જે.કે. દરજી, વિશેષ મહાપ્રબંધક (એચ.આર) શ્રી એ.સી. પ્રજાપતિ તથા ઉચ્ચઅધિકારીઓ કર્મચારી ભાઈઓ અને બહેનો દ્વારા લાભ લેવામાં આવેલ. મનજાગૃત મહિલા મંડળના પ્રમુખ મીતાબેન ભટ્ટ તથા ઉપપ્રમુખ જ્યોત્સનાબેન રાઠોડ તથા અન્ય સભ્યોએ મળીને ગરબા કાર્યક્રમનું સફળ આયોજન કરેલ. ■

## સાબરમતી ખાતે વર્કિંગ વૂમન એસોસિએશન દ્વારા ગરબાનું આયોજન




સાબરમતી ખાતે તારીખ ૦૮.૧૦.૨૦૨૧ના રોજ બિલેશ્વર મહાદેવના પરિસરમાં વર્કિંગ વૂમન એસોસિએશન દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવેલ. દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્કિંગ વીમેન એસોસિએશન દ્વારા વિભાગીય તેમજ સર્કલ ઓફીસની બહેનો તથા કોલોનીની બહેનોએ આનંદ અને ઉત્સાહ સાથે માં અંબાની ભક્તિ કરવાનો અમુલ્ય લ્હાવો ગરબે ઘુમીને પ્રાપ્ત કરેલ. આ પ્રસંગે સાબરમતી વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર શ્રી જે.કે. શાહ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી દીપિકાબેન જે. શાહ તેમજ શ્રી એલ.એન. મહીડા પર્સોનલ ઓફિસરે ઉપસ્થિત રહીને મહિલા કર્મચારીઓનો ઉત્સાહ વધારેલ. સમગ્ર ગરબાનું આયોજન વર્કિંગ વીમેન એસોસિએશનના પ્રમુખ શ્રીમતિ દિનાબેન જે. રાવલના વડપણ હેઠળ મહિલા સભ્યો દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવેલ. ■

ફોટો ગેલેરી

ગીરા ધોધ... અંબિકા નદી,
ઊંચાઈ ૭૫ ફૂટ... 30 મીટર,
જિલ્લો: ડાંગ, ગુજરાત.
કુદરતે... જ્યાં મન મુકીને સૌંદર્યની
લ્હાણી કરી છે... જાણે ચા ની નદી જ
જોઈ લ્યો. The Gira Water Fall...
The Pride of Gujarat.

**- શ્રી પલ્કેશ બી. પ્રજાપતિ,**
જુનિયર આસિસ્ટન્ટ, એચ.આર.
વિભાગ, રજી. કચેરી, મહેસાણા

# મહેસાણા વર્તુળ કચેરી ખાતે ટ્રાન્સફોર્મર ટેસ્ટીંગ અંગેની તાલીમ



વીજ ટ્રાન્સફોર્મર એ ઈલેક્ટ્રિક વીજ નેટવર્કનું હાર્ટ છે. વીજ ટ્રાન્સફોર્મર દ્વારા જુદા જુદા ગ્રાહકોને સતત વિના વિક્ષેપે ગુણવત્તાસભર વીજ પુરવઠો આપવામાં આવે છે. વીજ ટ્રાન્સફોર્મર ફેઈલ થવાના કારણે વીજ વિક્ષેપ થવાથી ગ્રાહકોમાં અસંતોષની લાગણી ઉદ્ભવે છે. વીજ ટ્રાન્સફોર્મર રીપેરીંગ કરવા કંપનીના નાણાંનો ખર્ચ થતો હોય છે. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ફેઈલ થતાં વીજ ટ્રાન્સફોર્મરને રીપેરીંગ કરવા માટે ટેન્ડર પ્રક્રિયા દ્વારા વર્ક ઓર્ડર જુદી જુદી રીપેરિંગ એજન્સીને આપવામાં આવે છે. આમ, રીપેરીંગ કરાયેલ વીજ ટ્રાન્સફોર્મરની ગુણવત્તામાં વધારો થાય તે હેતુથી રીપેરીંગ બાદ સંલગ્ન રીપેરીંગ એજન્સીમાં રીપેર થયેલ ટ્રાન્સફોર્મરનું ટેસ્ટિંગ કરવામાં આવે છે. તાજેતરમાં યુજીવીસીએલના મુખ્ય ઈજનેર (ઓપેરેશન) શ્રી પી.બી. પંડ્યા અને વિશેષ મુખ્ય ઈજનેર (ટેકનીકલ અને વિજીલન્સ) શ્રી જે.કે. દરજીની દિશા સૂચન તથા માર્ગદર્શનથી તમામ વર્તુળ કચેરીમાં ટ્રાન્સફોર્મર ટેસ્ટિંગ અંગેનો જાગૃતતા અંતર્ગત કાર્યક્રમ તા. ૦૯/૦૮/૨૦૨૧થી તા.૧૩/૦૮/૨૦૨૧ના સમયગાળામાં યોજાયેલ. જેમાં તા. ૧૦/૦૮/૨૦૨૧ના રોજ મહેસાણા વર્તુળ કચેરીમાં વિશેષ મુખ્ય ઈજનેર (ટેક અને વીજી.) શ્રી જે.કે. દરજીની અધ્યક્ષતામાં મેસર્સ એમ.બી. ઈલેક્ટ્રીકલ, વિસનગરનાં સૌજન્યથી મહેસાણા વર્તુળ કચેરીના તમામ નાયબ ઈજનેર / જુનિયર ઈજનેર (ટી.એમ.એસ.) હાજર રહેલ.

સદર કાર્યક્રમમાં જરૂરી માહિતી આપવામાં આવેલ ત્યારબાદ નાયબ ઈજનેર શ્રી એસ.જી. પ્રજાપતિ, શ્રી આર.જે. રામી, નાયબ ઈજનેર દ્વારા વિવિધ ટેસ્ટિંગ અંગે થીયરીકલ/ પ્રેક્ટિકલ ટ્રેનિંગ આપવામાં આવેલ. સાબરમતી વર્તુળ કચેરીમાં મેસર્સ એસ.કે.પી. ટ્રાન્સફોર્મર દ્વારા સદર ટ્રેનિંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં નાયબ ઈજનેર શ્રી એન.જી. કોરાટ દ્વારા ટેસ્ટિંગ અંગેની માહિતી સાબરમતી ટ્રેનિંગ સેન્ટરમાં આપવામાં આવેલ. પાલનપુર વર્તુળ કચેરીમાં મેસર્સ એમ.બી. પાવર ટેકમાં તા. ૧૨/૦૮/૨૦૨૧માં ટ્રેનિંગનું આયોજન કરેલ તેમજ હિંમતનગર વર્તુળ કચેરીમાં તા.૧૩/૦૮/૨૦૨૧માં પાવર ટેક સોલ્યુશન રીપેરીંગ એજન્સીમાં ટ્રેનિંગ આયોજન કરેલ.

આમ, રજીસ્ટર્ડ કચેરીની સૂચના અનુસાર તમામ ક્ષેત્રિય કચેરીમાંના નાયબ ઇજનેરશ્રી/ જુનિયર ઈજનેર ટી.એમ.એસ.ને ટ્રાન્સફોર્મર ટેસ્ટિંગના ટ્રેનિંગ પ્રોગ્રામ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ. ■

# આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત કોરોના રસીકરણનો કાર્યક્રમ








ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વર્તુળ કચેરી, સાબરમતી ખાતે રજીસ્ટર્ડ કચેરી, મહેસાણાની સૂચના અનુસાર અને તૈયાર કરવામાં આવેલ કેલેન્ડર પ્રમાણે આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે કોરોના રસીકરણનો કાર્યક્રમ તા. ૧૮-૦૯-૨૦૨૧ના રોજ યોજવામાં આવેલ. જે અનુસંધાને માનનીય વડાપ્રધાનશ્રીના 100 ટકા (સંપૂર્ણ) રસીકરણની યોજનાને પરિપૂર્ણ કરવા સારું ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, સાબરમતી વર્તુળ કચેરી હેઠળ ફરજ બજાવતા દરેક કર્મચારી/ અધિકારી રસીકરણમાં ભાગ લઈને સાબરમતી વર્તુળ-100 ટકા (સંપૂર્ણ) રસીકરણનો ધ્યેય સાર્થક કરવા કચેરીના તાબા હેઠળની તમામ કચેરીઓ ખાતે જે કર્મચારી/અધિકારી દ્વારા કોરોના રસી લેવાની બાકી હોય તેવા કર્મચારીઓને હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અનુસંધાને તા. ૧૮-૦૯-૨૦૨૧ના રોજ સાબરમતી વર્તુળ કચેરી કેમ્પસ ખાતે કોરોના રસીકરણનો કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં આશરે 60થી વધુ કર્મચારીઓ તથા તેમના કુટુંબીજનો દ્વારા હાજર રહી સદર કાર્યક્રમમાં સફળ બનાવેલ. ■

# કોર્પોરેટ ઓફિસ ખાતે સ્નેહ-મિલન સમારંભનું આયોજન

તારીખ ૦૮-૧૧-૨૦૨૧ના રોજ કોર્પોરેટ ઓફિસના કેમ્પસમાં આવેલ રીક્રીએશન ક્લબ ખાતે સ્નેહ-મિલન સમારંભનું આયોજન કરવામાં આવેલ. વિક્રમ સંવત ૨૦૭૮ના આગામી વર્ષમાં નવા સંકલ્પો, નવા આયોજનો અને કંપની પ્રત્યેની નિષ્ઠા વધે તેવા હેતુથી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાના પ્રમુખ સ્થાને મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (પી.) શ્રી વી.એમ. શ્રોફ, કાર્યવાહક મહાપ્રબંધક (નાણા) શ્રી રાજેન્દ્ર જૈન, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોશી, વિશેષ મહાપ્રબંધક શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી જી.એચ. એન્જિનીયર, વિશેષ મુખ્ય ઈજનેર, પાલનપુર શ્રી એલ.એ. ગઢવી, વિશેષ મુખ્ય ઈજનેર, સાબરમતી શ્રી આર.ડી. ઝાલા, અધિક્ષક ઈજનેર, હિંમતનગર શ્રી પી.સી. શાહ, અધિક્ષક ઈજનેર, મહેસાણા શ્રી સી.જે. રાજપાલની તેમજ ઉચ્ચ અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં કર્મચારીઓની હાજરીમાં યોજવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં વિશેષ મહાપ્રબંધક (માનવસંપદા) શ્રી એ.સી. પ્રજાપતિ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરી ગત વર્ષ દરમ્યાન કોરોનાને લીધે તેમજ વીજ-અકસ્માત થવાને લીધે જાન ગુમાવનાર કર્મચારીઓને યાદ કરેલ. તેમજ નવા વર્ષમાં તમામ કર્મચારીઓ કંપનીના વિકાસ માટે રચનાત્મક સંકલ્પો કરે તે માટે આહ્‌વાન કરેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં હિંમતનગર, મહેસાણા, પાલનપુર, સાબરમતી સર્કલના વડાઓ દ્વારા કંપની દ્વારા આપવામાં આવેલ લક્ષ્યાંકો સિધ્ધ કરવા અંગે ખાતરી આપેલ તેમજ વધુ સારી કામગીરી દ્વારા કંપની ઉત્તરોત્તર વિકાસ કરે તેવી તમામ પ્રવૃત્તિઓ માટે સંકલ્પ રજૂ કરેલ. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા નાણાકીય લક્ષ્યાંકો સિધ્ધ કરવા સહયોગ માંગેલ. શ્રી વી.એમ. શ્રોફ દ્વારા કંપનીની તમામ કચેરીઓ દ્વારા ઈન્વેન્ટરીને લગતી સફળ કામગીરી માટે પ્રસંશા કરેલ. મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યાએ જણાવેલ








કે, વિક્રમ સંવત ૨૦૭૮નું વર્ષ આપ સૌ તેમજ આપણી કંપની માટે મંગલકારી નીવડે અને આપણા સર્વેની મનોકામનાઓ પરિપૂર્ણ કરી સિધ્ધિના સોપાનો સર કરો તેવી શુભેચ્છા પાઠવું છું. આ વર્ષે દિવાળીમાં કોઈપણ પ્રકારના અનિચ્છનીય બનાવ કે વિક્ષેપ વગર અવિરતપણે વીજ-પુરવઠો પૂરો પાડવામાં સહયોગી તમામ વીજકર્મીઓને હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવું છું. નવી આશાઓ નવા સંકલ્પોથી આગામી વર્ષમાં આપ સૌ પારિવારિક જીવનમાં અને કાર્યલક્ષી જીવનમાં પ્રગતિના પંથે સતત વિકાસ કરતા રહો, ખુશહાલી અને સંતોષથી સંપન્ન રહો તેવી અભ્યર્થના સાથે પ્રકાશના પર્વના પ્રારંભે હું આપને તથા આપના પરિવારના તમામ સભ્યોને શુભ, શાંતિ અને સમૃધ્ધિથી સંપન્ન તથા આરોગ્યપ્રદ રહે તેવી હાર્દિક શુભકામનાઓ સાથે નૂતન વર્ષના અભિનંદન પાઠવું છું.

મિત્રો, કોરોનાના કપરા કાળ વચ્ચે પણ આપણે સહિયારા પુરૂષાર્થથી સફળ કામગીરી કરી આપણામાં રહેલી ક્ષમતાનો પૂર્ણ ઉપયોગ કરીને સફળતાના શિખરો સર કર્યા છે. વધુમાં આજ સવારથીજ આપની સાથેની શુભેચ્છા મુલાકાતમાં જે જોમ, તરવરાટ તેમજ ઉત્સાહ હતો તેવોજ આગામી વર્ષમાં પણ સતત જોવા મળશે તેમજ વધુ યશસ્વી કામગીરી કરીને ભારતવર્ષની અગ્રગણ્ય વીજ-વિતરણ કંપની તરીકેનું આપણું સ્થાન જાળવી રાખીશું તેવા વિશ્વાસ સાથે ફરીવાર શુભદાયી નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી વિરમું છું.

પ્રમુખ સ્થાનેથી પોતાના ઉદ્‌બોધનમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવાએ કંપનીના કર્મચારીઓને પરસ્પર સ્નેહથી વર્તવા અનુરોધ કરેલ. માત્ર ગુજરાતમાં જ નવા વર્ષની ઉજવણી કરવામાં આવે છે તેની નોંધ લઇ ગુજરાતી સમાજની કામગીરીને બિરદાવેલ. કંપનીના કર્મચારીઓ કર્મશીલ છે અને આગામી વર્ષમાં પણ પોતાની નિષ્ઠાથી કામ કરીને કંપનીનું ઉજ્જવલ ભવિષ્ય બનાવશે તેવી અપેક્ષા વ્યક્ત કરેલ. ઉપસ્થિત તમામ કર્મચારીઓને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવીને પોતાના જીવનમાં તેમજ કંપનીના વિકાસમાં મદદરૂપ થાય તેવા સંકલ્પો લેવા માટે અપીલ કરેલ.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નાયબ ઈજનેર (સોલાર), શ્રી કે.ડી. બારોટ દ્વારા કરવામાં આવેલ. ■

## પ્રતિભાવ

આપણું યુજીવીસીએલ અંક નં. ૬ ૩, ઓગસ્ટ-સપ્ટેમ્બર-2021નો ખૂબ મહેનતથી અને ધગશ તેમજ આપની અનુભવની કુનેહથી ખૂબ સુંદર અને રસપ્રદ આકર્ષક બનાવ્યો છે જે વાંચી ઘણો આનંદ થયો જે બદલ પુરી ટીમે ખૂબ ખૂબ ધન્યવાદ. આભાર સહ.

– **શ્રી આર.સી. પંડ્યા,** કલોલ

---

ફરી એક વાર, તમારી અથાગ અને પ્રામાણિક મહેનતનું પરિણામ એટલે આપણું યુજીવીસીએલનો ૬ ૩મો અંક...

આપણી કંપનીની મોટા ભાગની વર્તમાન ઘટનાઓ આ અંકમાં આવરી લેવામાં આવી છે. આપણી કંપનીને સતત નવમી વખત A+ રેટિંગ મળ્યું છે, તે અંગેની ગૌરવસભર ગાથા આપના દ્વારા ખૂબ જ સુંદર રીતે અંકમાં રજૂ કરવામાં આવી છે. ખૂબ જ માહિતીસભર અંક. આપને તથા સીસી સેલ ટીમને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

– **શ્રી મિતેષ વૈષ્ણવ,**
નાયબ અધિક્ષક (હિસાબ), લાડોલ, સબડિવિઝન

---

"આપણું યુજીવીસીએલ"ના સુંદર પ્રકાશન બદલ અભિનંદન અને આ ક્ષેત્રે આપ ઉત્તમોત્તમ કાર્ય કરતા રહો એવી હાર્દિક શુભેચ્છાઓ. વિશેષ મારી વાર્તા "'જીતુ-સૌનો લાડકવાયો'ને આ અંકમાં સમાવેશ કરી પ્રકાશિત કરવા બદલ આપનો આભારી છું. સૌને મારી સ્નેહાદરભરી શુભકામનાઓ.

– **શ્રી ઘનશ્યામ પટેલ,**
નિવૃત્ત વિશેષ ઈજનેર, યુજીવીસીએલ.

---

Once again hard work and great efforts are seen in the Issue-63. A professional work. Congratulations team. keep it up. Best wishes.

**શ્રી આર.બી. પટેલ,** રિટાઇર્ડ, એડિશનલ ચીફ એન્જિનીયર

---

Congratulations very good, excellent... AAPNU UGVCL. yesterday I completed exactly 10 years of my grace of god and friends and colleagues... during 10 years... I was keeping good health... all the best wishes to for your candid contribution for better built up of your magazine...

- **શ્રી કે.કે. સોની,** નિવૃત્ત મહાપ્રબંધક, (માનવ સંપાદા),
ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરા

## શ્રધ્ધાંજલિ



તા. ૦૨-૧૧-૨૦૨૧ના રોજ શ્રી ભગવાનભાઈ વાલજીભાઈ રબારી, અધિક્ષક (હિસાબ), યુજીવીસીએલ, રજીસ્ટર્ડ કચેરી, મહેસાણાનું અકાળે દુઃખદ અવસાન થયેલ. સ્વ. શ્રી બી.વી. રબારીના અવસાનથી સમગ્ર યુજીવીસીએલનો કર્મચારી પરિવારગણ આઘાત સાથે શોકની લાગણી અનુભવે છે. સ્વર્ગસ્થ શ્રી રબારીના અવસાનથી કંપનીને એક સક્ષમ અધિકારી તરીકે પૂરી ન શકાય તેવી ખોટ અનુભવેલ છે. સદ્દગત એક મિલનસાર, સરળ સ્વભાવના, ચારિત્ર્યવાન, ઉમદા અને કાર્યશીલ અધિકારી હતા. દિવંગતના આત્માને પ્રભુ ચીર-શાંતિ અર્પે અને તેઓના પરિવાર પર આવેલ અણધારી આફતને સહન કરવાની શક્તિ અર્પે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના. ઓમ શાંતિ....!!!

ફરી યાદ કોઈકે કરાવી દીધી
ભૂલી બેઠા એની યાદ આવી ગઈ
ધ્યાન રાખજો મિત્રો વેદના એમની
જેમણે ઘરનો ચિરાગ ગુમાવી દીધો.

વાત છે નાનકડી તોય છે ખૂબ મોટી
બચ્ચાઓનો વટ છે પિતા થકી
હોય નાનો કે પછી બાળ મોટો
પિતાની છાયામાં એ સદા પોષાતો.

સલામતી એ જ જિંદગી
સલામતી એ જ પરિવારની બંદગી
રાહ જુએ રોજ જે બાળ
એને યાદ કરી કરજો તમે જોબ.
લાલસિંહના પુત્રનું એક માર્મિક સ્ટેટસ.

Picture... એનું જેણે પોતાના પિતા કોરોનામાં ગુમાવ્યા.
શબ્દ રચના મારી..
જેને આજે પણ અફસોસ છે કે આવો હોનહાર
હેલ્પર (ઈલે. આસિ.) ગુમાવ્યો.

વેદનાઓથી પર થઈને વર્તુ છું
ઈજનેર છું અંતરમાં સમાવીને બેઠો છું
ભેદ છે ઘણાં અંદર અને બહાર
બસ આગ સમાવીને બેઠો છું.

– **શ્રી શૈલેશ એમ. યાદવ**
નાયબ ઈજનેર, પ્રાંતિજ

# યુજીવીસીએલ પરિવારના તેજસ્વી તારલા

### ચિ. લીઝાબાનુ ચૌહાણ



(ધોરણ-૧૦) ન્યૂ એસએસસી
પર્સેન્ટાઈલ રેન્ક : ૯૩.૫૦
વાલી : શ્રી વાય.આર. ચૌહાણ
હોદ્દો : જુનિયર એન્જિનીયર
સાબરમતી સર્કલ

### ચિ. નિસર્ગી જોષી



(ધોરણ-૧૨) એચએસસી, એ-ગ્રૂપ
પર્સેન્ટાઈલ રેન્ક : ૮૯.૨૦
વાલી : શ્રી એન.એમ. જોશી
હોદ્દો : કંપની સેક્રેટરી
આરએન્ડડી મહેસાણા

### ચિ. મલ્હાર પ્રજાપતિ



(ધોરણ-૧૦) ન્યૂ એસએસસી
પર્સેન્ટાઈલ રેન્ક : ૯૦.૧૬
વાલી : શ્રી ભાવિકકુમાર એ. પ્રજાપતિ
હોદ્દો : ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ
મહેસાણા ડિવિઝન લેબ

### ચિ. રવિ પટેલ



(ધોરણ-૧૨) એચએસસી, એ-ગ્રૂપ
પર્સેન્ટાઈલ રેન્ક : ૮૮.૭૧
વાલી : શ્રી સંજયકુમાર એચ. પટેલ
હોદ્દો : આસિસ્ટન્ટ લાઇનમેન
વિસનગર શહેર પે.વિ.ક.

### ચિ. ખુશી પટેલ



(ધોરણ-૧૦) ન્યૂ એસએસસી
પર્સેન્ટાઈલ રેન્ક : ૮૭.૫૦
વાલી : શ્રી ખોડાભાઈ એમ. પટેલ
હોદ્દો : ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ
ટીએમએસ, વિભાગીય કચેરી, મહેસાણા

### ચિ. રોહન પ્રજાપતિ




(ધોરણ-૧૨) એચએસસી, એ-ગ્રૂપ
પર્સેન્ટાઈલ રેન્ક : ૮૮.૩૦
વાલી : શ્રી કે.એ. પ્રજાપતિ
હોદ્દો : જુનિયર આસિસ્ટન્ટ
વડગામ પે.વિ.ક.

### ચિ. કેયા ઠાકર



(ધોરણ-૧૨) એચએસસી, એ-ગ્રૂપ
પર્સેન્ટાઈલ રેન્ક : ૯૦.૦૦
વાલી : શ્રી જી.એ. ઠાકર
હોદ્દો : સિનિયર આસિસ્ટન્ટ
બોપલ વિભાગીય કચેરી

### ચિ. દક્ષ પ્રજાપતિ



(ધોરણ-૧૨) એચએસસી, એ-ગ્રૂપ
પર્સેન્ટાઈલ રેન્ક : ૮૭.૮૪
વાલી : શ્રી કે.ડી. પ્રજાપતિ
હોદ્દો : સિનિયર આસિસ્ટન્ટ
પાલનપુર સર્કલ (આરઈવી)

### ચિ. મલ્હાર ચૌહાણ



(ધોરણ-૧૨) એચએસસી, એ-ગ્રૂપ
પર્સેન્ટાઈલ રેન્ક : ૮૯.૩૮
વાલી : શ્રી જે.આર. ચૌહાણ
હોદ્દો : જુનિયર એન્જિનીયર
ચાંદખેડા પે.વિ.ક.

### ચિ. ખાદીજા પોથીગરા



(ધોરણ-૧૨) એચએસસી, એ-ગ્રૂપ
પર્સેન્ટાઈલ રેન્ક : ૮૬.૪૦
વાલી : શ્રી એમ.યુ. પોથીગરા
હોદ્દો : સિનિયર આસિસ્ટન્ટ
વિભાગીય કચેરી, વિસનગર



**ચિ. ખુશી મોઢ**
(ધોરણ-૧૨) એચએસસી, એ-ગ્રૂપ
**પર્સેન્ટાઇલ રેન્ક :** ૮૫.૮૪
**વાલી :** શ્રીમતી આર.એચ. મોદી
**હોદ્દો :** જુનિયર આસિસ્ટન્ટ
પાલનપુર ડીઓ-૧



**ચિ. સાક્ષી પટેલ**
(ધોરણ-૧૨) એચએસસી, એ-ગ્રૂપ
**પર્સેન્ટાઇલ રેન્ક :** ૮૫.૭૮
**વાલી :** શ્રી અનિલકુમાર વી. પટેલ
**હોદ્દો :** ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ
મહેસાણા ડિવિઝન લેબ



**ચિ. સ્મિત પરમાર**
વર્ષ 2020-21 માટે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ધનબાદમાં પ્રવેશ મેળવ્યો
**વાલી :** શ્રી પી.ડી. પરમાર
**હોદ્દો :** ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ
છાપી પે.વિ.ક.

## દિવાળીની ઉજવણી

દિવાળી એ જાણે હોય કોઈ જીવનની કહાની,
રંગ બે રંગી રંગોળીમાં જ્યાં લાગણીઓ છલકાણી.

દિવડાઓના પ્રકાશ જાણે કે અંતર ને અજવાળે,
ફટાકડાઓના ધ્વની જાણે અંધકાર ભગાડે.

ધનતેરસ શુભ ધનની પુજા, કાળીચૌદશ મહાકાળી,
દિવાળીના દિવસે મા સરસ્વતી જ્યાં પુજાણી.

સંબંધો લાગણીઓની જેણે પ્રગટાવતા શીખવાડી,
સંસ્કારોના સીંચન વચ્ચે થઈ નવ વર્ષની ઉજાણી.

ભાઈબહેનની પ્રીત સ્મરણોથી ભાઈબીજ ઉજવાણી,
લાભ પાંચમનું મુહૂર્ત જોઈ શરૂ થઈ નવવર્ષની કહાની.

દિવાળી એ જાણે હોય કોઈ જીવનની કહાની,
રંગ બે રંગી રંગોળીમાં જ્યાં લાગણીઓ છલકાણી.

– **શ્રી બી.એસ. પટેલ,** ડેપ્યુટી એન્જિનીયર, ઉંઝા ટાઉન



તારીખ ૦૨-૧૧-૨૦૨૧ના રોજ પાલનપુર ખાતે ધનતેરસ નિમિત્તે ધન પૂજાનું આયોજન વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી એલ.એ. ગઢવીના વડપણ હેઠળ કરવામાં આવેલ. ■

# નિવૃત્ત થતા અધિકારી/કર્મચારીઓને શુભેચ્છા...



*શ્રી જે.કે. શાહ, કાર્યપાલક ઈજનેર*



*શ્રી એન.જે. પટેલ, નાયબ ઈજનેર*



*શ્રી એ.જી. રાવલ, કાર્યપાલક ઈજનેર*



*શ્રી જે.એસ. શાહ, સિનિયર આસિસ્ટન્ટ*

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી, મહેસાણા, એચ.આર. વિભાગના કર્મચારી શ્રી જે.એસ. શાહ, સિનિયર આસિસ્ટન્ટ, વયમર્યાદાને કારણે તા. ૩૧-૧૦-૨૦૨૧ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. ત્યારે તેઓશ્રીને નિવૃત્તિના ઉપલક્ષમાં ટીમ એચ.આર., યુજીવીસીએલ દ્વારા પ્રશસ્તિપત્ર આપી તેમનું સન્માન કરવામાં આવ્યું.

સદર પ્રસંગે વિશેષ મહાપ્રબંધક (એચ.આર.), શ્રી એ.સી. પ્રજાપતિ સહિત ટીમ એચ.આર. દ્વારા શ્રી શાહનું શેષ જીવન સુખમય, સ્વસ્થ તેમજ નિરોગી નિવડે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

તેવી જ રીતે કંપનીની ફરજમાંથી વય મર્યાદાને કારણે નિવૃત્ત થઈ રહેલ શ્રી જે.કે. શાહ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સાબરમતી, શ્રી એ.જી. રાવલ, કાર્યપાલક ઈજનેર, એ.એલ.ડી.સી. ગાંધીનગર તેમજ શ્રી એન.જે. પટેલ, નાયબ ઈજનેર, વર્તુળ કચેરી, હિંમતનગર સર્વે અધિકારીઓને રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી મહેસાણા સ્થિત સ્ટાફ સહિત સમગ્ર યુજીવીસીએલ તેઓશ્રીનું નિવૃત્તિમય જીવન સ્વસ્થ, સુખમય તેમજ નિરોગી રહે તેવી શુભેચ્છા પાઠવે છે. ■

# જીતુ-સૌનો લાડકવાયો

**લેખક : શ્રી ઘનશ્યામભાઈ પટેલ, નિવૃત્ત વિશેષ મુખ્ય ઇજનેર**

**(અનુસંધાનઃ અંક નં. ૬ ૩નું)**

આ બાજુ કોલેજના મેદાન પર રમાઇ રહેલી નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટ બરાબર જામી હતી. શહેરના અને આજુબાજુના ગામના ચુનંદા ખેલાડીઓની બનેલી ટીમોને કારણે ટુર્નામેન્ટે યુવા પ્રેક્ષકોમાં સવિશેષ આકર્ષણ અને રોમાંચ જગાવ્યો હતો. રસ ધરાવતા મોટેરા પણ મેચની રંગત અને ઉનાળાની રાતના પવનની ઠંડક, બેઉ એક સાથે માણવા મેદાન પર પહોંચતા. લાઇટવાળાએ પણ લાજ રાખી હતી, આટલા દહાડા થયા, એક રાતે પણ પાવર બંધ થયો ને મેચમાં વિક્ષેપ પડ્યો હોય એવું બન્યું નહોતું.

એક રાતે હજુ મેદાન પર મેચ શરૂ થયાના અડધા એક કલાકમાં, પવનની મોટી ઘૂમરી ઓતરાદિ દિશામાંથી આવી મેદાનમાં થઇ, ધૂળ ઉડાડતી પસાર થતી નીકળી.અને પછી તો વરસાદનાં મોટાં ફોરાં આવી પહોંચ્યાં. મેદાનની ઈશાન દિશામાં એક વીજ થાંભલે ધડામ અવાજ થયા ભેગી લાઇટ બંધ અને મેદાનમાં અંધારું, ભેગો શહેર આખામાંય અંધારપટ. હાજર પ્રેક્ષકોનું ટોળું લાઇટ જતાંની સાથે ચિચિયારીઓ પાડી રહ્યું, મેચના રંગમાં પહેલી વાર ભંગ પડ્યો.

અહીં સબ સ્ટેશનેથી ઓફિસે રાતની ડ્યુટી માટે બેઠેલા સ્ટાફને પણ સંદેશ મળ્યો, "શહેર ફીડર બંધ થયું છે," ઓફિસ આગળ માણસો તૈયાર હતા. એ તો ખબર હતી કે કોલેજના મેદાનના ઉત્તર પૂર્વ દિશાએ મેદાન બહાર ઉભેલા ગર્ડર પોલ ઉપર કંઈક ફોલ્ટ થયેલો હતો. લાઇન ઇન્સ્પેક્ટર, સહાયક લાઇન મેન, એક અનુભવી હેલ્પર વગેરે ભેગા થયા, જીતુ પણ નાઇટ ડ્યુટીને કારણે હાજર હતો, ગાડી પણ તૈયાર હતી.

શહેર ફીડર, સબસ્ટેશનથી નીકળી મુખ્ય રોડની બાજુ સમાંતર આગળ થોડે પહોંચી જમણી બાજુ વળાંક લઇ છેક કોલેજના પાછળ થતું શહેરમાં પ્રવેશ કરતું, એ પહેલાં કોલેજના કમ્પાઉંડ નજીકથી એક ફાંટો બસ સ્ટેન્ડ બાજુ આવતો. કોલેજના મેદાનના ઉત્તર પૂર્વ દિશાએ મેદાન બહાર ઉભેલો પેલો ગર્ડર પોલ આ જફાંટામાં આવતો. ફોલ્ટ એ જગ્યાએ જ હોવાની પાકી માહિતી હોઇ, સ્ટાફે પહેલા એ ફાંટો પડતી જગ્યાએ પહોંચી, ફોલ્ટવાળી ટેપલાઇનને ટેપીંગ પોલ ઉપર આવેલી સ્વીચ કાપી મુખ્ય લાઇનથી અળગી કરી. સબ સ્ટેશનમાં વાત કરી શહેર ફીડરની મુખ્ય લાઇન ચાલુ કરાવી, શહેરના મોટા ભાગના વિસ્તારોમાં લાઇટ ચાલુ થઇ ગઇ.

ફોલ્ટ વાળી જગ્યાએ જતા અગાઉ સલામતીના હેતુ સર સ્વીચના સ્થાન પર સહાયક લાઇન મેન ગોઠવાયા. હવે ફોલ્ટ વાળા ગર્ડર પોલ પર પાવર બંધ છે અને એના પર ચડી કામ કરવું સલામત છે, એવી ખાતરી સાથે માણસો ફોલ્ટના સ્થળે પહોંચ્યા.

આ પ્રક્રિયામાં વીસ પચીસ મિનિટ વીતી હશે, બીજી વીસેક મિનિટમાં ફોલ્ટ નિવારણ કરી ક્રિકેટના મેદાનમાં પણ પૂર્વવત અજવાળું થઇ શક્શે અને રમત ફરીથી ચાલુ થશે એવો સૌને વિશ્વાસ હતો. વીજકર્મીભાઇઓ ગાડીમાં ફોલ્ટના સ્થળે આવ્યા ત્યારે આશરે રાતના નવ વાગી ચૂક્યા હતા. વરસાદ અને પવન તો શમી ગયા હતા, પણ આકાશમાં કાળા ડિબાંગ વાદળો છૂટાછવાયા છવાયેલા ને એના સામાન્ય ગાજવીજ થયે જતા. જાણે એમનો ખેલ હજુ અધૂરો હતો.

આ લાઇનમાં જ ફોલ્ટ હતો, એટલે એ વિસ્તારમાં અંધકાર હતો. ક્રિકેટના પ્રેક્ષકો, ખેલાડીઓ અને આયોજક યુવાનો પૈકીના કેટલાક કુતૂહલવશ તો કેટલાક લાઇટ ચાલુ થાય તો મેચ ફરી ચાલુ થાય તેવી ફિરાકમાં નજીક આવી ટોળે વળ્યા હતા.

ફોલ્ટવાળા પોલ પર ચડી, અવાહક્તા ગુમાવી ફોલ્ટી થઇ ચૂકેલા પિન ઇન્સ્યુલેટરને બદલવાનું કામ કરવાનું હતું, ટીમમાં બીજા ચારેક જણા હતા, જીતુ પણ તૈયાર હતો અને લાઇન ઇન્સ્પેક્ટરની સૂચના મળતાં જ જીતુ સજ્જ થયો. એક જણે ટોર્ચથી પોલની ટોચ સુધી અજવાળું કર્યું.

જીતુએ સડસડાટ એ ઊંચા ગર્ડર પોલ પર ચડવાનું ચાલુ કર્યું. ઉપર પહોંચી છેક ટોચ પર આવેલા પિન સાથે ફીટ કરેલા વાયર ને જયાંએ અડક્યો, એક મોટા સ્પાર્ક સાથે ધડાકો થયા ભેગો, જીતુ થાંભલાની ટોચ પર ઉંચકાતો, ફંગોળાયો અને પલક વારમાં નીચે ભોંય પર પટકાયો. નીચે સહુ સ્તબ્ધ અને સૂમ થઇ ગયા, આ શું ના બનવાનું બની ગયું. સ્થળ ઉપર અફડાતફડી અને બૂમાબૂમ મચી. હાજર સ્ટાફ અને જુવાનિયાએ ગાડીમાં જીતુને તાત્કાલિક સીવીલ હોસ્પિટલ લઇ ગયા. ડોક્ટરે શરીર તપાસ્યું, પણ ન થવાનું તો થઇ ચૂક્યું હતું, જીતુનું પ્રાણ પંખેરુ તો ઘટના સ્થળે જ ઉડી ગયુ હતુ, દવાખાને તો એનો નિર્જીવ દેહ જ પહોંચ્યો હતો. સમગ્ર શહેરમાં અને વીજ બોર્ડમાં હાહાકાર થઇ ગયો.

લાઇન ઇન્સ્પેક્ટર અને હાજર અનુભવી સ્ટાફને તરત જ ખ્યાલ આવી ગયો કે એમનાથી ઘોર ગફલત થઇ હતી. આ ગર્ડર પોલ તો ધોરાપુરા ફીડરની મુખ્ય લાઇનનો હતો, જે લાઇન તો ચાલુ જ હતી. પેલો ફોલ્ટ વાળો એવો જ દેખાતો પોલ તો દસ બાર ફૂટ દૂર હતો. ઓહ અફસોસ સૌ ભૂલ્યા હતા. કેવડી મોટી ભૂલ અને કેટલું ભયંકર પરિણામ.

પટેલ સાહેબને આ અકસ્માતના સમાચાર મળતાં જ ધ્રૂજી ઉઠ્યા. તાબડતોબ

બન્ને સાથી ઇજનેરો સાથે શહેરમાં આવી પહોંચ્યા.શહેરમાં પ્રવેશતાં જ જોયું, ફરીથી લાઇટ ગુલ થતાં પુરા શહેરમાં અંધારપટ છવાયેલો, જાણે માતમનો સૂનકાર અને સન્નાટો સારાયે શહેરને ઘેરી વળ્યો હતો. હોસ્પિટલ પહોંચી જોયું, લાઇન સ્ટાફના ભાઇઓ ગમગીન અને નિ:સહાય હાલતમાં બેઠાં હતા. સ્ટ્રેચર પર પડેલા જીતુના નિશ્ચેતન દેહને જોતા પટેલ સાહેબ વિચલિત થઇ ઉઠ્યા, ઘોર ગફલતનો આ કેવો ક્રૂર અને જીવલેણ પ્રહાર હતો. એના દેહ પર બે એક જગ્યાએ વીજ કરંટના અને દાઝ્યાના નિશાન હતા. બાકી એનું નિષ્પ્રાણ શરીર જાણે ગાઢ નિંદ્રામાં હોય એમ પડેલું અને એનો ચહેરો એવો જ નિર્દોષ લાગતો હતો.

“ભલે જીતુ, પણ પાવર સપ્લાય બંધ કરીને કામ કરજે, ઉતાવળ ના કરતો, સાચવીને કામ કરજે.” પટેલ સાહેબને જીતુ સાથેનો દશેક દિવસ પહેલાંનો પ્રસંગ અને શબ્દો યાદ આવી ગયા, એમનું હૈયું ભરાઇ આવ્યું .

વરસાદના કારણે શહેર અને અન્ય લાઇનો બંધ હતી, થોડા સ્વસ્થ થઇ, ઓફિસ આવ્યા અહીં પણ બધો સ્ટાફ ભેગો થયેલો, દરેકના ચહેરા ઉપર એક યુવાન સાથી ગુમાવ્યાનું દુ:ખ છાયેલું, આ બાજુ લાઇનોના ફોલ્ટ દૂર કરવાના હતા, સૌ હાથ પગ ને હૈયું હારી બેઠેલા હતા. તોયે ધીરજ ધારણ કરી રડતા હૈયે ફરજ બજાવી.

કનુભાઇના ઘરે કહેવા માટે કેમ જીભ ઉપડે? વિજાપુરથી જી.ઇ.બી. પરિવારના કનુભાઇના આત્મીય મિત્રો રાત્રે જ દવાખાને પહોંચેલા, પોતાની નજર સામે નાનાથી મોટો થનાર જીતુનો મૃત દેહ જોઇ, આક્રોશમાં ઊંચા અવાજે બોલતાં બોલતાં પછી તેઓ નાના બાળકની જેમ રડી પડ્યા. વતન ગયેલા કનુભાઇ, સમાચારની અધૂરી વાતસાંભળીને પૂરી વાત પામી ગયા. કનુભાઇ અને જીતુની મમ્મીના આક્રંદથી રાત્રિનો સમય જાણે ફાટી પડ્યો.

સવારે દવાખાને પહોંચેલા, કનુભાઇ, જીતુના મમ્મી, યોગિતા, ભાઇ, બહેન બધાના હૈયાફાટ રુદનથી સીવીલ હોસ્પિટલ પરિસર આખો ય વ્યાકુળ બની રહ્યો.કોણ કોને સાંત્વના આપે. બધો સ્ટાફ, સૌ સ્નેહીજનો અને ઉચ્ચ અધિકારીગણ મોટી સંખ્યામાં હાજર હતા. સૌ ભીની આંખે નિ:શબ્દ અને અસહાય બની ઊભા હતા.

પછી કનુભાઇ અને પરિવારજનો જુવાન પુત્રવધૂની હાલત જોઇ પોતાનું દુ:ખ દબાવી બેઠા. હાજર સ્વજનો વિચારી રહ્યા હતા, નવજાત બાળકીના છઠ્ઠીના લેખમાં સમજણ આવે પહેલા પિતાનું છત્ર ગુમાવવાનું કમભાગ્ય લખવા જેટલો વિધાતા કેમ કઠોર થયો હશે? દિવસ ચડતા સુધીમાં હોસ્પિટલથી વિજાપુર ઘરે મૃત દેહ લાવવામાં આવ્યો ત્યારે સમગ્ર કેમ્પસમાં શોક છવાઇ ગયો. જીતુના સ્નેહ પ્રસંગોના સ્મરણ પડોશી અને પરિવારજનોને રડાવી રહ્યા હતા. પટેલ સાહેબની એક આંખમાથી લાડકવાયા જીતુને ગુમાવવાનું દુ:ખ અને બીજી આંખમાંથી ઘોર ગફલતનો અપરાધભાવ આંસુ થઇ વહેતા હતા અને સાથે વીજ બોર્ડનો દરેક અધિકારી, કર્મચારી ગમગીન બની ઉભો હતો.

જીતુના વહાલ ભર્યા સ્મરણો સૌના માનસપટ પર તાજા થઇ આવ્યા. આજ ધરતી પર બાળપણની રમતો રમી મોટો થયેલો, હજુ હમણાં તો જાણે દફતર ખભે ભરાવી સ્કૂલે જતો આવતો, સહેજ મોટો થઇ આઇ.ટી.આઇ.ના અભ્યાસે ગયેલો, વરસેક પહેલાં તો વતન જઇ યોગિતાને પરણી લાવેલો, હમણાં તો હજુ પપ્પાના પગલે નોકરી લાગેલો અને નાની બેબીનો પિતા બનતા જાણે પુખ્ત થયેલો. સૌનો લાડકવાયો આમ અણધાર્યો છિનવાઇ ગયો હતો. એના મૃતદેહને અગ્નિ સંસ્કાર માટે વતન વાંસદા જવા અંતિમ વિદાય અપાઇ ત્યારે કેમ્પસમાં માણસતો શું ઝાડવાં ય રડી રહ્યાં હતાં. ■

आज़ादी का अमृत महोत्सव

# આઝાદીના અમૃત મહોત્સવ ૨૦૨૧ અન્વયે નવિન વીજજોડાણ આપવા અંગે નોંધપાત્ર સિધ્ધિ

કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧ દરમ્યાન આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે જે થકી ગુજરાત સરકારના વડપણ હેઠળ ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ, ગાંધીનગર વિભાગ દ્વારા તમામ વીજકંપનીઓને દરેક ક્ષેત્રમાં વિશેષ કામગીરી કરવા માટે આહ્‌વાન કરવામાં આવેલ. જેના ભાગરૂપે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તારીખ ૨૫-૧૦-૨૦૨૧ના રોજ એન.ડી. યોજના, ખાસ અંગભૂત યોજના, ઝુંપડપટ્ટી યોજના તેમજ કુટીર જ્યોતિ યોજનામાં સામુહિક ઝુંબેશ કરીને નવિન વીજજોડાણો આપવાના કાર્યક્રમ હેઠળ વર્તુળ કચેરી, વિભાગીય કચેરી, પેટાવિભાગીય કચેરી દ્વારા સહિયારા પુરૂષાર્થથી ૪૯૦૬ (ચાર હજાર નવસો છ) નવીન વીજજોડાણો એક જ દિવસમાં આપવાની નોંધપાત્ર સિધ્ધિ મેળવેલ છે.

આ સિધ્ધિ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી કે.એસ. રંધાવાના માર્ગદર્શન હેઠળ તેમજ મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યાના નેતૃત્વ હેઠળ હાંસલ કરવામાં આવેલ.

સદર કામગીરીને કંપનીના ઉચ્ચ સત્તાધીશો દ્વારા બિરદાવવામાં આવેલ. તારીખ ૨૪-૦૯-૨૦૨૧ના રોજ ૨૧૫૫ તેમજ તારીખ ૨૫-૧૦-૨૦૨૧ના રોજ ૪૯૦૬ મળીને કુલ બે દિવસમાં ૭૦૬૧ નવીન વીજજોડાણો આપવામાં આવેલ છે. ■

आज़ादी का अमृत महोत्सव

UGVCL



## રાજ્યની હરિત ઊર્જા તરફ હરણફાળ...

# ઘર ઘર માટે સૌર ઊર્જા...




**ગત વર્ષની જવલંત સફળતા આગળ ધપાવવા ફરી એકવાર ઘટાડેલ દરે સોલાર રૂફટોપ લગાવો અને સબસીડીનો લાભ લો...**

સમગ્ર દેશમાં પ્રથમ વખત 2 લાખ કુટુંબો હવે સૂર્ય ઊર્જાથી મફત વીજળી પોતે વાપરશે અને બચત થયેલી વીજળી સરકારને વેચશે.

સમગ્ર દેશમાં અગ્રેસર ગુજરાત ચાલુ વર્ષે 2 લાખ સોલાર રૂફટોપ સાથે આગામી 3 વર્ષમાં 8 લાખ સોલાર રૂફટોપ દ્વારા 1800 મેગાવોટ વીજ ઉત્પાદનનો લક્ષ્યાંક.

સરકારશ્રી દ્વારા જાહેર કરેલ સબસીડીનો લાભ 1 કિ.વો. રૂ. 18,731/- 2 કિ.વો. રૂ. 34,395/- 3 કિ.વો. રૂ. 50,390/-

માન્ય એજન્સીઓની નવી યાદીમાંથી ગ્રાહક કોઈ એક એજન્સી પસંદ કરી નિયત દરે સોલાર રૂફટોપ સ્થાપિત કરી શકશે.

એજન્સીઓની યાદી વીજ વિતરણ કંપનીઓની વેબસાઇટ તેમજ વીજકચેરીએ ઉપલબ્ધ છે.

સોલાર રૂફટોપ અંગેની વધુ માહિતી માટે નજીકની વીજ કંપનીની કચેરીનો સંપર્ક સાધવા વિનંતી તેમજ આપના મોબાઇલ પરથી 7666449911 પર મિસ્ડકોલ કરવા વિનંતી

**ટોલ ફ્રી નંબર : 19121
1800 233 155335**

**નોડલ એજન્સી - ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ**

**સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત**

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

## આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com